## ડાયરેક્ટ ❤ સે

કોઈ આપણી
ભૂલો દર્શાવે
તો આપણે
ખુશ થવું જોઈએ
એમ માનીને કે
આખરે કોઈ તો છે
જે આપણને
સંપૂર્ણ બનાવવા માટે
પોતાનાં સમય
અને બુદ્ધિ
બંનેનો ઉપયોગ કરે છે

## જન્મદિને વધામણી



જિજ્ઞેશભાઈ જાની
મો. ૯૮૭૯૯ ૭૩૫૨૯



વિજય ડાહ્યાભાઈ પટેલ
મો. ૮૪૦૧૯ ૫૯૫૯૯

# જીઆઈપીએસ ખાતે ખેલ મહાકુંભની ગ્રામીણ બાસ્કેટ બૉલ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા ગ્રામીણ બાસ્કેટ બૉલ સ્પર્ધા ૧ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવી હતી. મૅનેજિંગ ટ્રસ્ટી રાજુભાઈ ચૌધરી, અરવિંદભાઈ શાહ અને ડિરેક્ટર અજિતભાઈ, પ્રિન્સિપાલ લતાબેન, રીનુબેનના માર્ગદર્શન હેઠળ શાળાના પીટી શિક્ષક કનુભાઈ અને કમલેશભાઈ દ્વારા આ સ્પર્ધાઓનું સંચાલન કરવામાં આવ્યું હતું. ખેલાડીઓએ શાળાનાં આયોજન, સંચાલન પરત્વે આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા

# તપોવન સંશોધન કેન્દ્રોના સંયોજકોને પ્રશિક્ષણ

ગાંધીનગર, તા. ૧૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ સ્થાનો પર ૨૨ તપોવન સંશોધન કેન્દ્ર કાર્યરત છે, જેના માધ્યમથી સગર્ભપ્રશિક્ષણનું કાર્ય થઈ રહ્યું છે. આ કેન્દ્રોનાં સંયોજકો માટે તાજેતરમાં ત્રિદિવસીય નિવાસી પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



પ્રશિક્ષણના ઉદ્‌ઘાટન સત્રમાં યુનિવર્સિટીના કુલસચિવ કમલામણી રાવે સૌ પ્રશિક્ષણાર્થીઓને આવકાર્યા હતા. યુનિવર્સિટીના કુલપતિ પ્રૉ. ડૉ. કે એસ લિખિયાએ પ્રેરણાત્મક ઉદ્‌બોધનમાં સંયોજકોને ગર્ભસંસ્કારના દિવ્ય કાર્યને સફળતાપૂર્વક કરવા માટે ઉમદા જ્ઞાન અને કૌશલ્યની જરૂરિયાતથી અવગત કરાવ્યા હતા. ઉપરાંત પ્રશિક્ષમ એ સ્વમૂલ્યાંકન અને સહચિંતન કરવાની અમૂલ્ય તક છે એવું ભારપૂર્વક જણાવી સૌને વ્યક્તિગત અને વ્યાવસાયિક સજ્જતા વધારવા અનુરોધ કર્યો હતો. આ પ્રશિક્ષણ કાર્યક્રમમાં ગર્ભનો વિકાસક્રમ, ગર્ભિણીની જીવનચર્યા, પોષણયુક્ત આહાર, પ્રાણાયામ, યોગ, મંત્રધ્યાન અને તેનો પ્રભાવ, ગાઈડેડ મૅડિટેશન, નૈતિક વિકાસનું શિક્ષણ, શિશુનો ભાષાકીય વિકાસ, મનઃસ્થિતિ-અંતઃસ્ત્રાવો અને પ્રજનનતંત્ર, દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમોની ગર્ભસ્થ શિશુ પર અસરો, કમ્પ્યુટર પ્રાયોગિક તેમજ યુનિવર્સિટીમાં થયેલાં સંશોધનોનાં તારણોની ચર્ચા જેવા વિષયો પર યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા સઘન પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ફિઝીયોથેરાપી, પ્રકૃતિ આધારિત ઘરગથ્થુ ઉપચાર, ગર્ભાવસ્થા દરમિયાન શું કરવું, શું ન કરવું, નીયોનેટલકૅર જેવા વિષયો પર વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તજ્જ્ઞ તરીકે ગાંધીનગરના જાણીતા બાળરોગ નિષ્ણાત ડૉ. ધરાબેન નાણાવટી, આયુર્વેદાચાર્ય ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ, ડૉ. મીરાંબેન રાજાણી અને ફિઝીયોથેરાપી વિષયના આસી. પ્રૉફેસર ડૉ. હેતલબેન દેસાઈએ વિસ્તૃત સમજ આપી હતી. સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના મહાનિયામક દિવ્યાંશુભાઈ દવેએ પ્રશિક્ષણમાં મેળવેલા જ્ઞાન અને કૌશલ વિકાસની સાધના સતત ચાલુ રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન સૅન્ટર ઑફ ટ્રેનીંગના આસી. પ્રૉફેસર ડૉ. નીલેશ પંડ્યાએ કર્યું હતું.

# સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ‘હેપ્પી સ્ટ્રીટ’માં બેટી બચાઓ, બેટી પઢાઓ કેમ્પેનિંગ થયું



ગાંધીનગર, તા.૧૨

રવિવારે સવારે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પાસે એક રસ્તો માત્ર ક્રિએટીવ લોકો માટે રિઝર્વ હતો અને એનું નામ છે, ‘હેપ્પી સ્ટ્રીટ’. ગાંધીનગર મહાનગર પાલિકા અને મારું ગાંધીનગરના ઉપક્રમે એક સર્જનાત્મક સવારનું આયોજન થયું હતું. સેન્ટ્રલ વિસ્ટા સ્ટ્રીટ પર એરોબીકસ, ઝુમ્બા ડાન્સ સાથે ગરબા અને લાઈવ પેઈન્ટીંગ, સ્ટ્રીટ પેઈન્ટીંગમાં બેટી બચાવો, બેટી પઢાઓના મેસેજ સાથે યુવાનોએ ક્રિએટીવીટી બતાવી હતી.

રવિવારના આ કાર્યક્રમમાં બુલેટ બાઈક રેલીએ અનોખું આકર્ષણ જમાવ્યું હતું. ૬૦ બુલેટ સવારોએ બેટી બચાઓના વિવિધ સ્લોગન સાથેના હોર્ડિંગ્સ લઈ બુલેટ પર ગાંધીનગર શહેરના માર્ગો પર માર્ચ કરી હતી. આ રેલીને ગુડાના ચેરમેન આશિષ દવે અને મેયર પ્રવીણ પટેલે ફ્લેગ ઓફ કરાવ્યું હતું.

હેપ્પી સ્ટ્રીટમાં લગભગ ચાર હજાર લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના ડૉ. કલ્પેશ ગોસ્વામી અને ડૉ. શ્રધ્ધા રાજપુતે સજજડ આયોજન કર્યુ હતું. નગરપાલિકાના કમિશનર ડી.એન.મોદી અને ડે. કમિશનર જે.બી. બારૈયાએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો. મારું ગાંધીનગર ચલાવતા યુવાનોએ સુંદર કાર્યક્રમ છતાં પોતાના નામની પ્રસિધ્ધિ ન થાય એવી રીતે ફોટો અને વિગતો આપી હતી. ગાંધીનગરના આ યુવાનો સલામને પાત્ર છે. હેપ્પી સ્ટ્રીટ અને બેટી બચાવો કાર્યક્રમ સંપૂર્ણ સફળ રહ્યો હતો.

## ગુજરાત યુનિ. બૉક્સિંગ સ્પર્ધામાં ઉમા આટ્‌ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજની બે વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૧૨

ખોખરા સ્પોર્ટ્‌સ સંકુલ, અમદાવાદ ખાતે આયોજિત ગુજરાત યુનિવર્સિટી બૉક્સિંગ સ્પર્ધામાં ઉમા આટ્‌ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની બે વિદ્યાર્થીનીઓએ ઈનામો પ્રાપ્ત કરીને કૉલેજનું ગૌરવ વધાર્યુ છે.

૬૧ કિગ્રા ગૃપમાં તુલસી રાજપૂતે પ્રથમ અને ૫૧ કિગ્રી ગૃપમાં સુવાએ દ્વિતિય ઈનામ પ્રાપ્ત કર્યુ હતું. કૉલેજ પરિવાર તરફથી બંને વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## કૃષ્ણલાલ શ્રીધરાણીના જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૨

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬ સપ્ટેમ્બર ને શનિવારના રોજ સાંજે ૬ કલાકે આત્મા હૉલ (મીલ ઑનર્સ બિલ્ડીંગ ઑડિટોરીયમ), સિટી ગોલ્ડ સિનેમા સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, નાટ્યકાર કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણીના ૧૦૭મા જન્મદિન પ્રસંગે ‘પુનરપિ પુનઃ’ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓમ કૉમ્યુનિકેશનના મેનેજિંગ ટ્રસ્ટી કવિ મનીષ પાઠક ‘શ્વેત’ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે શ્રીધરાણીના જીવન-કવન વિશે નિસર્ગ આહિર વક્તવ્ય આપશે. શ્રીધરાણીની સાહિત્યસૃષ્ટિ વિશે વિનોદ જોષી વક્તવ્ય આપશે. ભાર્ગવ ઠક્કર દિગ્દર્શિત શ્રીધરાણીના નાટક ‘ઝબકજ્યોત’નું વાચિકમ ઍલ જે ઈન્સ્ટીટ્યુટ ઑફ મીડિયા ઍન્ડ કમ્યુનિકેશન, અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. ભાષાપ્રેમી અને સાહિત્યરસિક જનતાને આ કાર્યક્રમ માણવા માટે ઓમ કૉમ્યુનિકેશન તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગુજરાતમાં સૌપ્રથમવાર મલ્ટીમીડિયાના માધ્યમથી શ્રીમદ ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

આગામી તા. ૧૪થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતમાં સૌપ્રથમવાર મલ્ટીમીડિયાના માધ્યમથી શ્રીકૃષ્ણદત્ત શાસ્ત્રીજી, મુંબઈ દ્વારા શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહામનોરથ અંતર્ગત તા. ૧૪ના રોજ બપોરે ૩ કલાકે દાદાજી સંપાદિત અનેકટિકોપેત શ્રીમદ્‌ ભાગવતજીના ૧૧મા સ્કંધનું અનાવરણ જસ્ટીસ ડૉ. જે એ ભટ્ટ (નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ), ડૉ. પંકજભઆઈ ઍલ જાની (કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ), તુષાર શુકલ (સાહિત્યકાર, કવિ), અંકિત ત્રિવેદી (સાહિત્યકાર, કવિ) અને ડૉ. શૈલેષભાઈ ઠાકર (ગ્લોબલ લીડરશીપ ગુરુ)નાં કરકમલો દ્વારા કરવામાં આવશે.

આ મલ્ટીમીડિયા કથાનું આયોજન વિશેષ કરીને ભણતા ઋષિકુમારોને ભવિષ્યમાં અતિ ઉપયોગી નીવડે તે હેતુથી કરવામાં આવ્યું છે. સાત દિવસના આ મહામનોરથમાં અનેક સંતો, મહંતો, પંડિતો, પ્રાચ્ય ઋષિકુમારો વગેરેને નિમંત્રિત કરવામાં આવ્યા છે. આ મહોત્સવ પ્રતિદિન સાંજે ૪થી ૭ કલાક દરમિયાન શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## જિલ્લાકક્ષાની ફૅન્સિંગ સ્પર્ધામાં જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લા કક્ષા ની ફેન્સીગ સ્પર્ધા શ્રી જે ઍમ ચૌધરી શાળા, સૅક્ટર-૭ ખાતે તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ શ્રેષ્ઠ દેખાવ કરી વિવિધ ઈનામો પ્રાપ્ત કર્યા હતાં.

સુરેખા ચૌધરી, મિત્તલ ચૌધરી, સંગીતા ચૌધરી, શીતલ ચૌધરી, અલકા ચૌધરી અને નિશા ચૌધરીએ ઈનામો પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

શાળા પરિવાર વતી આચાર્ય સંતોકબેન ચૌધરીએ શાળાનું ગૌરવ વધારનાર આ વિજેતા વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## બાળ તસ્કરી અને બાળકોના જાતિય શોષણના અંત માટે કૈલાસ સત્યાર્થીની ભારત યાત્રા



ગાંધીનગર, તા. ૧૨

નોબેલ પારિતોષક વિજેતા કૈલાસ સત્યાર્થીએ આજે અહીં વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે થી બાળ તસ્કરી અને બાળકોના જાતિય શોષણના અંત માટે ભારત યાત્રાનો પ્રાંરભ કર્યો છે. ભારતનું ભાવિ ગણાતા બાળકોની સુરક્ષા અને સલામતિ માટે તેમણે યુવાનોને આ કૂચમાં જોડાવા માટેનો અનુરોધ કર્યો છે. ૨૨ રાજ્યોમાંથી પસાર થનારી અને કન્યાકુમારીથી શરૂ થયેલી આ યાત્રાનું ૧૧,૦૦૦ કિલોમીટરનું તર કાપ્યા પછી નવી દિલ્હીમાં તા. ૧૬ ઓકટોબરના રોજ સમાપન થશે. તામિલનાડુમાં આ યાત્રા કન્યાકુમારી, સાલેમ, મદુરાઈ, વેલ્લોર અને ચેન્નાઈ થઈને આગળ વધશે. કૈલાસ સત્યાર્થી છેલ્લા ૩૬ વર્ષથી દુનિયાભરમાં બાળકોની આઝાદી, સુરક્ષા અને સલામતિ માટે ઝુંબેશ ચલાવી રહ્યા છે. તેમને મળેલુ નોબેલ પારિતોષક (૨૦૧૪) બાળકોના અધિકાર માટે સસત સંઘર્ષ અને પ્રયાસો માટે હાંસલ થયેલુ છે.

કૈલાસ સત્યાર્થી જણાવે છે કે બાળકો ઉપર બળાત્કાર અને જાતિય શોષણ એક નૈતિક દૂષણ બની ગયું છે, જે આપણા દેશને સતત નડી રહ્યું છે. આરણે આ ધૂષણ સામે વધુ સમય શાંત દર્શક બની રહી શકીએ તેમ નથી. આપણા મૌનથી વધુ હિંસા પેદા થાય છે. આ કારણે જ ભારત યાત્રા બાળકોની તસ્કરી બળાત્કાર અને શોષણ સામેના યુધ્ધ તરીકે હાથ ધરાઈ છે. ભારતમાં દર કલાકે ૮ બાળકો ગુમ થાય છે અને ૨ ઉપર બળાત્કાર થાય છે. આવી સ્થિતિનો ભોગ બનેલા પરિવારો ભયમાં જીવે છે અને બળાત્કારીઓ આઝાદ અને ભયમુક્ત થઈને ફરતતા રહે છે. જો કોઈ એક બાળક પણ જોખમમાં હોય તો તે ભારત માટેનુ જોખમ છે. આપણે જાહેરાત કરીએ છીએ કે ભારત યાત્રા વધુ એક વાર ભારતને બાળકો માટે ફરીથી સલામત બનાવશે. કોઈ ભૂલ કરશો નહી. આ એક નિર્ણાયક યુધ્ધ છે. ભારતના લોકોનો આત્મા જગાવવા માટેની નૈતિક લડત છે.

ભારત યાત્રાના સ્થળે હાજર રહેલા હજારો લોકોને તેમણે સવાલ કર્યો હતો કે બાળકો ઉપર થઈ રહેલા તમામ અત્યાચારો નો અંત લાવવા માટે મેં આ યુધ્ધ શરૂ કર્યુ છે. શું તમે મારી સાથે છો ? ભારત યાત્રાનો કનેસેપ્ટ ‘સુરક્ષિત બચપન-સુરક્ષિત ભારત’ના થીમ સાથે કરવામાં આવ્યો છે. આ ૨૧મી સદીની ચળવળ છે. અને એમાં બાળકો સામે તમામ પ્રકારે કરવામાં આવતા અત્યાચારોને આવરી લેવાયા છે.

આ યાત્રાને કન્યાકુમારીથી પોન રાધાકૃષ્ણન (સંસદ સભ્ય અને ભારતના નાણાં અને શિપિંગ ખાતાના રાજ્ય પ્રધાન) અને ઈલૈયા રાજા (ભારતીય ફિલ્મ કમ્પોઝર) દ્વારા વિદાય આપવામાં આવી હતી.

# સંબંધોમાં અનુમાનો : આપણે સૌ વાર્તાઓ બનાવવામાં પણ માહિર બની ગયા છીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

અનુમાનો ઊંઘમાં આવતા સપનાઓ જેવા હોય છે, જેમ સપનાઓની કોઈ દિશા નથી હોતી એવી જ રીતે અનુમાનોની પણ કોઈ જ દિશા નથી હોતી, અનુમાનોના કોઈ તર્ક પણ નથી હોતા. અનુમાનો ગમે ત્યારે ગમે તે રસ્તાઓમા ફંટાઈ જતાં હોય છે. એકવાર અનુમાનો ગમે તે રસ્તે ફંટાઈ જાય પછી તેના મૂળ પણ મળતા નથી. આ પ્રકારના અનુમાનો વ્યક્તિને ગુમરાહ કરી દે છે. અજાણ્યા રસ્તે ભૂલી પડેલી વ્યક્તિ પોતાનો સાચો રસ્તો શોધવા જેમ ગમે ત્યાં ફાંફાં મારે છે એમ અનુમાનોના રસ્તે ભૂલી પડેલી વ્યક્તિ પણ આમતેમ ફાંફા માર્યા કરે છે, વિવિધ અનુમાનો કરીને હવામાં ગોળીબારો કરતી રહે છે અને તે સાચો રસ્તો તે ભાગ્યે જ શોધી શકે છે.

પાયા વિનાના, સત્યતાની ખરાઈ કર્યા વિનાના અનુમાનો કર્યા પછી વ્યક્તિ તેના આધારે કેટલીક કાયમી માન્યતાઓ બાંધી લે છે. એ માન્યતાઓને આધારે વ્યક્તિ સામેની વ્યક્તિ સાથે વર્તન અને વ્યવહાર કરે છે. એજ માન્યતાઓ ના આધારે વ્યક્તિ કેટલાક મહત્વના નિર્ણયો પણ લે છે પણ કમનસીબે એ મોટાભાગના નિર્ણયો મોટાભાગે ખોટા જ સાબિત થાય છે. પોતાના અનુમાનોને આધારે વ્યક્તિ વર્તન અને વ્યવહાર કરતી હોય વ્યક્તિના સામેની વ્યક્તિ સાથેના વર્તન અને વ્યવહાર બદલાઈ જાય છે તેને કારણે અને નિર્ણયો ખોટા ઠરવાને કારણે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સંબંધોમાં પણ ખટરાગો ઊભા થાય છે. સમયસર જો એ ખટરાગો દૂર કરવામાં ના આવે તો એ સંબંધોનું પરિણામ પેલા યુવક અને યુવતીના સંબંધો જેવુ પણ આવી શકે છે. ટૂંકમાં, સંબંધોનો અંત પણ આવી શકે છે. આમ થવાનું કારણ એ હોય છે કે પાયા વિનાના અનુમાનો મોટેભાગે વ્યક્તિમાં નકારાત્મકતા પેદા કરે છે અને વ્યક્તિની પોતાની એ નકારાત્મકતા વ્યક્તિના પોતાના હાથે જ પોતાના સંબંધોની હત્યા કરાવે છે.



સંબંધો એક લાંબી અને સાતત્યભરી યાત્રા છે. એ યાત્રા દરમિયાન રસ્તામાં ઘણી બધી અડચણો તો આવે, યાત્રા દરમિયાન રસ્તામાં બમ્પ્સ પણ આવે, યાત્રા દરમિયાન ખરબચડો રસ્તો આવે, યાત્રા દરમિયાન રસ્તામાં વાંકચૂંકા વળાંકો આવે અને એ બધુ પાર કરતાં કરતાં જ યાત્રા આગળ વધારવી જોઈએ અને યાત્રાનો આનંદ માણવો જોઈએ. પણ કમનસીબે આ બધા જ પ્રકારની અડચણો જ આપણને અનુમાનો કરવા માટે પ્રેરે છે. પણ આપણે જો સમય અને સંજોગોને સમજી, પિછાણી અને સંબંધોની યાત્રામાં પૂર્વાનુમાનો અને પૂર્વધારણાઓ ને જો નહીં રોકી શકીએ તો આપણાં સંબંધો ક્યારે ખોટા રસ્તે ફંટાઈ જશે તેનો ખ્યાલ જ નહીં રહે.

વ્યકિતને જ્યારે પોતાના સંબંધીઓ તરફથી કોઈપણ યોગ્ય પ્રતીભાવ નથી મળતો ત્યારે તે નિરાશ થઈને ક્યારેક તો વિષાદમાં પડી જાય છે. એક વ્યક્તિની નિરાશા અન્ય કેટલીક સંબંધિત વ્યક્તિઓને જ નિરાશ કરે છે પણ એક વ્યક્તિ જ્યારે જ્યારે અનૂમાનોના રવાડે ચડી જાય છે ત્યારે એક સાથે ગણી બધી વ્યક્તિઓને નુકશાન પહોચડે છે અને પોતાની સાથે સાથે તેઓને પણ વિષાદની ઊંડી ખાઈમાં નાખી દે છે.

સંબંધોમાં જ્યાં વ્યક્તિ જ્યારે સત્ય હકીકત અને વાજબી કારણો સુધી પહોંચવાનો પ્રયત્ન નથી કરતી ત્યાં જ વ્યક્તિ ઉપર અનુમાનોનો અંકુશ હોય છે. અનુમાનો છે એ સંબંધોમાં આગ ચાંપવાનું કાર્ય કરે છે જે વાસ્તવિક આગ કરતાં પણ વધારે ખતરનાક અને જોખમી છે. અનુમાનો વ્યક્તિની બુદ્ધિને તો એવી ક્ષીણ કરી દે છે કે પછી વ્યક્તિ સામે સત્ય આવે તો પણ વ્યક્તિ એ સત્યને સમજી શકતી નથી અને કદાચ સમજી શકે તો સ્વીકારી શક્તિ નથી. વ્યક્તિ પોતાના સંબંધોમાં અનુમાનોના આધારે પોતાને માન્યતાઓ બાંધી લેતી છે. આમ કરવાને બદલે, વ્યક્તિ જો પોતાની માન્યતાઓને પુષ્ટિ મળે એવું સત્ય શોધવા પ્રયત્ન કરે અને અનુમાનો કરવાનું છોડી દે તો એ સામેની વ્યક્તિની મુશ્કેલીઓ સમજી શકશે, સામેની વ્યક્તિની મર્યાદાઓ સમજી શકશે. પરિણામે બંને વ્યક્તિના સંબંધો વધારે ગાઢ બની શકશે. આ કક્ષા સુધી પહોંચવા માટે વ્યક્તિએ પોતાનું મન અને હૃદય ખુલ્લા રાખવા પડે.

આપણે સૌ પૂર્વધારણાઓની આગમાં વધતે-ઓછે અંશે લપેટાયેલા જ છીએ જે આપણાં સંબંધોને ગમે ત્યારે બાળીને ભસ્મ કરી શકે છે. એ આગને ઓલવવી જ રહી. પૂર્વાનુમાનો કરતાં પહેલા સત્ય ને શોધવું, પારખવું અને સમજવું એ જ માત્ર પૂર્વાનુમાનોની આગને બુઝાવવાનો વિકલ્પ છે.